Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 14, Issue. 243, February2023

'નર્મદાશંકરને જે ગુજરાતી ન જાણે તે ગુજરાતી જ કેમ ગણાય ? મને તેનો પરિચય બચપણથી જ થયો હતો. 'સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે' ગાતાં થાક જ ન લાગે. ગીતાનો પુજારી તો હું થઈ ચુકયો હતો, પણ નર્મદાશંકરના ગીતાના અનુવાદની પ્રસ્તાવનાએ મારી ગીતા માતાની ભકિત દઢ કરી ને નર્મદાશંકર પ્રત્યેનું' મારું માન વધ્યું. મને દુઃખ એ જ રહી ગયું કે મારી અનેક પ્રવૃત્તિએ મને નર્મદાશંકર જેવા લેખક અને કવિનો પણ હું ઈરછું તેટલો પરિચય ન કરવા દીધો.' (નર્મદ–દર્શન, લે. ડૉ. રમેશ મ. શુકલ, પાના નં.૨)

–ગાંધીજી

દિપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

અર્વાચીનોમાં આદ્ય નર્મદ સંસારસુધારાકાળની કવિતાની રાષ્ટ્રીય અસ્મિતાનો એક પ્રમુખ ઉદગાતા છે. સ્વદેશાભિમાન, સ્વતંત્રતા, રાષ્ટ્રીય એકય જેવા વિષયોમાં એ જમાનાની વિચારસૃષ્ટિની મર્યાદામાં રહીને પણ કેટલાક કાવ્યો નર્મદે રચ્યાં છે. નર્મદના કવનનો એક મુખ્ય વિષય દેશભક્તિ પણ છે. દેશપ્રેમી કવિ નર્મદ ભારતની અવદશાને કારણે કયારેક દર્દ અનુભવતો, તો કયારેક એ અવનત દશાને નામશેષ કરવા માટે પણ શૌર્ય ઉદબોધન કરતો દેખાય છે.

ભારતભૂમિને નર્મદે ઘણી વહેલી માતૃસ્વરૂપે જોઈ છે. **'દેશ ભૂમિ એ આપણી મા છે ને આપણે તેનાં છોકરાં છૈયે.'** દેશ પ્રેમની નર્મદની લાગણી એના હૃદયની એક સાચી તટસ્થ લાગણી હતી. એ લાગણીમાંથી જન્મેલા વિરત્વનાં કાવ્યોમાં નર્મદના હૃદયનો ખરો ઉદ્રેક અનુભવાય છે. સમાજ સુધારણા અને રાજકીય ગુલામી અવસ્થામાંથી ભારતને મુક્ત કરવા માટે તેમણે કવિતા દ્વારા નિબંધ દ્વારા સમાજનું પ્રબોધન કર્યું છે, એક બાજુ સમાજને રૂઢિઓમાંથી સ્વતંત્ર થવાની વાત છે, બીજી બાજુ અંગ્રેજોની ગુલામી અવસ્થામાંથી મુક્ત થવાની પણ વાત એમની રચનાઓમાંથી પ્રગટ થતી જોઈ શકાય છે. સર્જકનો ધર્મ દેશકાળ અને પરિસ્થિતિ સાથે જોડાયેલો હોય છે, સાચા અર્થમાં જે સર્જક સમાજની અને દેશકાળની ચિંતા અને ચિંતન કરી અને સર્જન કરે છે તે સર્જકનું સાહિત્યિક ઉત્તરદાયિત્વ ભવિષ્યને પેઢીઓ જોઈ શકતી હોય છે આપણે નર્મદને તેની પુણ્યતિથિ નિમિત્તે અહી તેનું સ્મરણ કરીએ છીએ ત્યારે સમાજમાં રહેલી હજુ એ કેટલી એ કુરુઢીરૂપી જળોથી મુક્ત થવાનું છે.

નર્મદને સમજવા માટે તેમની સાહિત્ય કૃતિઓમાંથી પસાર થઈએ છીએ ત્યારે જોવા મળે છે કે, નર્મદ આજે પણ કેટલા પ્રસ્તુત છે. એમણે દેશમાં સમાજ સુધારો કરીને વહેમ, અજ્ઞાન ઈત્યાદીના બંધનો તોડવા, ભ્રષ્ટાચાર દૂર કરવો, દેશજનોએ સંપ કરવો, હુન્નર ઉદ્યોગો દાખલ કરી, દેશની આબાદી વધારવી, દેશનું નાણું વૈશ્વિક સ્તરે ઘસાઈ જતું અટકાવવું વગેરે જેવા વિષયોમાં તેમણે મુક્ત પણે ચર્ચા કરી છે. નર્મદ વર્તમાનકાળમાં પુરુષાર્થ કરવાનો ઉદઘોષ કરે છે. તે ભૂતકાળ સામે નિસાસા નાખવાની બદલે એ જીવનાભિમુખ દ્રષ્ટિકોણ કેળવીને પ્રજા સમક્ષ પુરુષાર્થનું આહવાન કરીને સ્વદેશભક્ત તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરે છે. એમની પંક્તિ છે કે, ***'રડયાં કરે શું વળશે, ભાઈ, રડયાં કરે શું વળશે',***

ભૂતતણો બહુ શોખ કરતાં, ભવિષ્યમાં શું મળશે ?
કમર કસી તજવીજો કરતાં, ઉદ્યમ ઝાઝો ફળશે ?

પ્રેમ અને શૌર્ય એ નર્મદનો જીવન મંત્ર શૌર્યનો મંત્ર દેશમાં પ્રગટાવવા માટે નર્મદ ઝઝુમે છે નર્મદની દેશદાઝ ઉત્કટ કોટીની છે, એવી દેશદાઝ જવલંત બનીને પ્રકાશથી રહે તો જ દેશના ઉજ્જવળ ભવિષ્ય વિશે આશા બંધાય છે તે વિશે તેઓ લખે છે કે ***'દેશદાઝ જા'લગી જીવતી, તાંલગી સઘળી આશા, ભાંય ધનં સહુ પાછા મળતાં, પડંત સવળા પાછા.'*** નર્મદને દેશ માટે ઊંડી પ્રીતિ છે.

અર્વાચીન ગુજરાતી કવિતામાં દેશ માટેનો મર્દાનગી ભર્યો સુર સૌપ્રથમ નર્મદે કાઢ્યો છે, 'અમે મરીશું દેશ રાખીશું એમ અભિમાન કરવું રે, જેવી પંક્તિ તેમની પાસેથી મળે છે. *'દેશતણું હિત ચાહવું, ભાઈ, દેશતણું હિત ચાહવું,*

દેશકામમાં જુદાં પડીને, લડતાં નહીં પડી જાવું. હમે મરીશું દેશ રાખીશું, એમ અભિમાન કરવું રે .....ઝાંસા શા ખાવા ભાઈ, હિણપત મોટી નામરદાઈ'.

સ્વાતંત્ર્ય માટે યુદ્ધ કરનાર રાણા પ્રતાપને નર્મદ યાદ આવે છે. રાણા પ્રતાપનું સ્મરણ સ્મશાનશાંતિમાં ડૂબેલા દેશી રજવાડાની હાલત વિશે પણ એક પંક્તિ છે – ***'નથી આજ કોને ખરી દેશદાજ, સ્મશાનો દિસે છે સહુ દેશિરાજ ! ખરે સ્વપ્ન જેવા થયા પૂર્વરંગ! ઉઠો રાજપૂતો હવે દાજિ અંગ !***

નર્મદ દેશનો એના અખંડ સ્વરૂપમાં વિચાર કરી શકે છે. રાષ્ટ્રનું સર્જન કયારે શકય બને? *'ધર્મ રીત ભાષા સંબંધી, ઐકય દેશનું થાએ.'* રાષ્ટ્રીય ઐકય વિશે વ્યવસ્થિત વિચાર કરનારો નર્મદ આપણો પહેલો કવિ છે. *'વિના વાણીનું ઐકય, વિના કહું ઐકય ધરમનું: રાજઐકય વણ જોર, નકામું દેશીજનનું'* દેશવાસીઓને સાંકળવા માટે એક સામાન્ય ભાષાની જરૂરત નર્મદને ઘણી વહેલી સમજાઈ હતી.

'નથી હમારામાંહ્ય, દેશની એક જ ભાષા.

આજે જયારે લખાય છે ત્યારે રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦માં આ મુદ્દો મહત્વનો બની રહે છે. રાષ્ટ્ર નિર્માણમાં ભાષા દ્વારા સંસ્કૃતિ અને મૂલ્યોનું જતન એજ આપણો કર્તવ્ય બોધ છે.

તા. ૧ માર્ચ, ૨૦૨૩

(ડૉ. કિશોરસિંહ ચાવડા)
કુલપતિશ્રી

યુનિવર્સિટી ન્યૂઝ

૪૯ મા ખેલકૂદ રમતોત્સવનો વિજયશ્રી સમારંભ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૦૧–૦૨–૨૦૨૩ થી શરૂ થયેલા ૪૯મા ખેલકૂદ રમતોત્સવના તા. ૦૪–૦૨–૨૦૨૩ના અંતિમ દિવસે વિજયશ્રી સમારંભ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં કુલપતિશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તેમજ યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રીઓ અને વિભાગીય વડાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઈનામ વિતરણ કાર્યક્રમમાં યુનિવર્સિટીના યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના નિયામકશ્રી ડૉ. ડેવિડ પોલે પુષ્પગુચ્છ અને પુસ્તકો દ્વારા મહેાનનોનું સ્વાગત કર્યું હતું. ડૉ. ડેવિડ પોલનો આ અંતિમ ખેલકૂદ રમતોત્સવ હોવાથી કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડાના હાથે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

અંતિમ દિવસે ૪૦૦ મીટર વિઘ્નદોડ ભાઈઓમાં પ્રથમ ક્રમાંક પી.ટી.સાયન્સ કોલેજના વિદ્યાર્થી સીઘ અંકુશરાજ, દ્વિતિય ક્રમાંક આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વ્યારાના વિદ્યાર્થી કાતુડ ઈલુને, તૃતીય વિજેતા વનરાજ આર્ટ્સ કોલેજ, ઘરમપુરના વિદ્યાર્થી પટેલ સોમીસભાઈને પ્રાપ્ત થયો હતો. ૪૦૦ મીટર વિઘ્નદોડ બહેનોની સ્પર્ધામાં પ્રથમ વિજેતા વનરાજ આર્ટ્સ કોલેજ, ઘરમપુરની વિદ્યાર્થિની રાઠવા પાયલ, દ્વિતિય ક્રમાંક આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વ્યારાની વિદ્યાર્થીની રાજપરમાર કૈલાશ અને તૃતીય વિજેતા મોરારજી દેસાઈ આર્ટ્સ કોલેજ, બુહારીની વિદ્યાર્થીની ચૌધરી પાયલને પ્રાપ્ત થયો હતો. ૪×૪૦૦ મીટર રીલે દોડ ભાઈઓમાં પ્રથમ ક્રમાંક વનરાજ આર્ટ્સ કોલજ, ઘરમપુર, દ્વિતીય વિજેતા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વ્યારા અને તૃતીય ક્રમાંક એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ સુરતને પ્રાપ્ત થયો હતો. ૪ × ૪૦૦ મીટર રોલે દોડમાં બહેનોની સ્પર્ધામાં પ્રથક ક્રમાંક આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વ્યારા, દ્વિતીય ક્રમાંક વનરાજ આર્ટ્સ કોલેજ, ઘરમપુર અને તૃતીય ક્રમાંક એન.એચ.કોમર્સ કોલેજ વલસાડને પ્રાપ્ત થયો હતો. ૪ × ૧૦૦ મીટર રીલે દોડ ભાઈઓમાં પ્રથમ ક્રમાંક આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા, દ્વિતીય ક્રમાંક વનરાજ આર્ટ્સ કોલેજ, ઘરમપુર અને તૃતીય ક્રમાંક રોફેલ કોલેજ, વાપીને પ્રાપ્ત થયો હતો. ૪ × ૧૦૦ મીટર રીલે દોડ બહેનોની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા, દ્વિતીય ક્રમાંક વનરાજ આર્ટ્સ કોલેજ, ઘરમપુર અને તૃતીય ક્રમાંક એન.એચ.કોમર્સ કોલેજ વલસાડને પ્રાપ્ત થયો હતો.

અંતે વ્યકિતગત અને ટીમ ચેમ્પિયનશિપ એનાયત કરવામાં આવી હતી, જેમાં ભાઈઓમાં વ્યકિતગત ચેમ્પિયનશિપ ૨૦ પોઇન્ટ સાથે શ્રી વનરાજ આર્ટ્સ કોલેજ, ઘરમપુરના વિદ્યાર્થી કામડી સુનિલને પ્રાપ્ત થઈ હતી. બહેનોમાં પણ ૨૫ પોઈન્ટ સાથે શ્રી વનરાજ આર્ટ્સ કોલેજ, ઘરમપુરની વિદ્યાર્થીની રાઠવા પાયલને પ્રાપ્ત થઈ હતી. ૯૬ પોઇન્ટ સાથે શ્રી વનરાજ આર્ટ્સ કોલેજ, ઘરમપુરે બધી કોલેજોમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો.

કાર્યક્રમનાં અંતે કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડા દ્વારા ૪૯મા ખેલકૂદ રમતોત્સવની પૂર્ણાહુતી જાહેર કરાઈ હતી. ખેલકૂદ રમતોત્સવના ધ્વજને ઊતારી લઈ ડૉ. ડેવિડ પોલને એનાયત કરવામાં આવ્યો હતો અને અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

હેકાથોન – ૨૦૨૨ : ગ્રાન્ડ ફિનાલે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત 'આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હેકાથોન–૨૦૨૨'ની ગ્રાન્ડ ફિનાલે તા. ૧૦ અને ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમ્યાન દિવસીય યોજાયેલ હતી, જે સતત ૩૬ કલાક સુધી ચાલી હતી. આ હેકાથોન –૨૦૨૨ની ગ્રાન્ડ ફિનાલે માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ૩૭ ટીમના ૧૭૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ ગ્રાન્ડ ફીનાલેમાં વિજેતા થનાર ટીમને ૨૪.૫ લાખ રૂપિયા પુરસ્કાર આપવામાં આવશે તથા આ ટીમોને પ્રોટોટાઈપ અને પેટન્ટનો સ્પોર્ટ પણ આપવામાં આવશે. આ ગ્રાન્ડ ફિનાલેના બીજા દિવસની શરૂઆત વિદ્યાર્થીઓના માઈન્ડ રીફ્રેશમેન્ટ માટે યુનિવર્સિટીમાં ચાલતા સર્ટિફિકેટ કોર્સ 'યોગ ગરબા'ની ટીમ દ્વારા એમ્ફી થીયેટર ખાતે હળવી કસરત અને યોગ ગરબા કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ હળવા નાસ્તા બાદ ફરીથી વિદ્યાર્થીઓ પોતપોતાના પ્રોજેકટમાં લાગી ગયા હતા. તમામ જ્યુરી મેમ્બર્સ દ્વારા અલગ અલગ ટીમો પાસે જઈને મૂલ્યાંકન કર્યું અને ટીમો સાથે સવાલ–જવાબો કર્યા. ગઈ કાલે શરૂ થયેલ આ હેકાથોન–૨૦૨૨ના ગ્રાન્ડ ફિનાલેમાં અવનવા નિરાકરણો લાવવામાં આવ્યા જેવા કે, એસીમાંથી નીકળતાં પાણીનો કઈ રીતે સદુપયોગ કરી શકાય, ઓનલાઈન સરકારી બુકિંગમાં પડતી મુશ્કેલીઓમાં રાહત, નવી સંસ્થાઓ માટે માર્કેટિંગ સરળ બનાવે તેવું સોફ્ટવેર, પ્લાસ્ટીક, રેતી અને સિમેન્ટનો ઉપયોગ કરીને ઈંટો બનાવવાની કોશિશ, ગુગલ સપોર્ટેડ બધી જ ભાષાઓ માટે સ્પીચ ટુ ટેક્સ્ટને સપોર્ટ કરે એટલે કે સાંભળીને લખી શકે એવી એપ્લિકેશન, કપડાં સુકવવાનું એવું મશીન જે પંખા દ્વારા ૧૫ મિનિટમાં કપડાં સુકવી શકે, સ્માર્ટ ટ્રાફિક લાઈટ સિસ્ટમ જે ટ્રાફિક ઘટાડી શકે તથા ખાલી પડેલા રસ્તા પર વાહનવ્યવહારને દોરી શકે, ઈ–વેસ્ટમાંથી ધાતુઓને અલગ કરવાની પદ્ધતિનો પ્રોજેકટ, કેટલીક એવી વેબસાઈટ્સ કે જેની મદદથી સરકારી કામો જેવાં કે જન્મ–મરણના દાખલા મેળવવા, બર્થ–ડેથ રજિસ્ટ્રેશન સિસ્ટમને સરળ બનાવવી, કંપનીઓને પગારધારકોનું મેનેજમેન્ટ કરતા ફાવે તે માટેની વેબસાઈટ, પ્રાઈવેટ અને સરકારી ફાઈલોને સરળતાથી ટ્રેક કરવામાં ઉપયોગી, એક હાર્ડવેર જે સૂર્યપ્રકાશ જે દિશાઓમાં એ દિશા ઓળખી તેનાથી ઊર્જા મેળવશે અને એ સાથે જ એક એવી વેબસાઈટ

પણ જે આ હાર્ડવેરની માહિતી ગ્રાહકો સુધી પહોચાડશે વગેરે જેવાં અવનવાં નિરાકરણો હાથ ધરવામાં આવ્યા. તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ ખંતપૂર્વક સતત ૩૬ કલાક સુધી કામ કર્યું હતું. અંતે ૩૬ કલાક બાદ પૂર્ણાહૂતિ કાર્યક્રમ ફરીથી યુનિવર્સિટીના એચ.આર.ડી.વિભાગના ચાણક્ય હોલમાં રાખવામાં આવ્યો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કિશોરસિંહ એન. ચાવડા, નોડલ ઓફિસર, વેન્ચુ ઈન્ચાર્જ, ૧૦ જ્યુરીમેમ્બર્સ, ૧૧ મેન્ટર્સ, ૧૭૧ વિદ્યાર્થીઓએ તથા ૬૦ જેટલા વોલ્યુંટીયર હાજર રહ્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વિદ્યાર્થીને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, આ હેકાથોનથી શું શીખવા મળે અને તેનાથી કયા અને શું બદલાવો આવી શકે છે તથા આપણા ભારત દેશને મળેલ G20ની અધ્યક્ષતા વિશે વાતો કરી. સરકાર દ્વારા નિયુક્ત નોડલ ઓફિસર ડૉ. મુકેશ પટેલ દ્વારા ૩૬ કલાકના અનુભવો શેર કર્યા.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તેની કોલેજો અને યુનિવર્સિટીમાં નવીન પ્રક્રિયાઓ અને ઈકોસિસ્ટમને ડિઝાઈન અને વિકસાવવા માટે શ્રેણીબદ્ધ પહેલ કરી છે. તેની તરફ કરવામાં આવતી પહેલો અને સહાયક પ્રણાલીઓનું માળખું અને સંસ્થાકીય કરવા માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ–અપ અને ઈનોવેશન પોલીસી ડીઝાઈન કરવામાં આવી છે, તેનો અમલ પણ થઈ રહ્યો છે. આ તમામ પ્રકારની પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓની કલાનો વિકાસ થાય છે. નવા વિચારોનું સર્જન થાય છે, અને ઘણી મુશ્કેલીઓનો હલ પણ થાય છે, અને વિદ્યાર્થીઓ હળીમળીને કોઈ પણ મુશ્કેલીઓનો હલ લાવવાના પ્રયત્નો કરે છે. આ બે દિવસનું સંચાલન યુનિવર્સિટીમાં કાર્યરત ઈન્સ્ટીટ્યુશન ઈનોવેશન કાઉન્સિલ, આઇડિયા એન્ડ ઈનોવેશન સેલ અને SSIP દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે નોડલ ઓફિસર, જ્યુરી મેમ્બર્સ, મેન્ટર્સ તથા ભાગ લેનાર તમામ ટીમના વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપવામાં આવ્યા.

સિદ્ધિ

એમ.એસ.યુનિવર્સિટી બરોડામાં કાફિલા સ્પર્ધા યોજાયલ હતી. જેમાં મીડિયાને લગતી સ્પર્ધાઓ હતી. આ સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનના વિદ્યાર્થીઓએ સારો દેખાવ કર્યો હતો. જેમાં (૧) 'કોન બનેગા આર.જે.' સ્પર્ધામાં વિદ્યાર્થિની મોનાલીએ પહેલો નંબર (૨) 'અબ્બાસ મસ્તાન કી કહાની' સ્પર્ધામાં વિદ્યાર્થિની મોનાલી અને નભે પહેલો નંબર (૩) 'હમ તું એક કહાની' સ્પર્ધામાં વિદ્યાર્થિની સાક્ષી અને નભે બીજો નંબર અને (૪) ટ્રેઝર હંટ સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓ તીર્થ, દ્રુપદ, કશિસ, રૂત્વા અને વર્ષિકાએ બીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. વિભાગના કો–ઓર્ડિનેટરી ડૉ. ભરત ઠાકરે અભિનંદન પાઠવ્યા હતા.

આવિષ્કાર: થર્મોઈલેક્ટ્રિક હિટ એન્જિન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૌતિક શાસ્ત્ર વિભાગના અધ્યાપકશ્રી ડૉ. ઈશ્વરભાઈ બી. પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. તેજલ રાવલે અદભૂત આવિષ્કાર કરી પેટન્ટ સર્ટિફિકેટ મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. એમની પેટન્ટનું નામ 'થર્મોઈલેક્ટ્રિક હિટ એન્જિનનો' છે. ડૉ. તેજલ રાવલે યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે, જે હાલ કેનેડાની યુનિવર્સિટી ઓફ પ્રિન્સ એડવર્ડ ઇઝ્લેંડમાં ફીઝીક્સના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત છે. આ સંશોધનને પેટન્ટ માટે તા.૧૬/૫/૨૦૧૮ના રોજ રજીસ્ટર કરવામાં આવી હતી જેની નોંધ શહેરના ઘણા નામાંકિત અખબારો લીધેલ હતી. હાલ તા. ૨/૨/૨૦૨૩ના રોજ તે Intellectual Property India દ્વારા માન્ય રાખી સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. છેલ્લા ચાર વર્ષમાં ઘણા બધા સવાલોના જવાબો આપી યોગ્ય રીતે પ્રેઝન્ટ કરતાં આખરે પેટન્ટ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. આ સંશોધનને 'હરી ઓમ આકાશ' દ્વારા યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં રાજ્યપાલના હાથે એક લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર અને એવોર્ડથી સન્માનિક કરવામાં આવ્યાં. આ સંશોધનને હાલમાં માર્કેટમાં આવી રહેલા ઈલેક્ટ્રિક વાહનોમાં બેટરીની કાર્યક્ષમતાં બમણી થઈ શકે છે તે ઉપરાંત પણ ઘણી જગ્યાએ આ ડિઝાઈનનો ઉપયોગ કરી શકાય છે. આ આવિષ્કાર અને મહેનત જોઈને ભારત સરકારની પેટન્ટ ઓફીસે એમને તા. ૨/૨/૨૦૨૩ના રોજ પેટન્ટ કે જેનો ડીઝાઈન નંબર: 305700 અને S.L.No.-128282 થી એનાયત કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ભૌતિકશાસ્ત્ર વિભાગના ડૉ. ઈશ્વરભાઈ બી. પટેલને પુસ્તક આપીને સન્માનિત કરવામાં આવ્યા.

આંતર રાજ્ય યુનિવર્સિટી રમત સ્પર્ધા

યુનિવર્સિટી વહીવટી સ્ટાફ કલબ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને ગુજરાત રાજ્ય આંતર યુનિવર્સિટી કર્મચારી રમત ગમત અને સાંસ્કૃતિક મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ચેસ, બેડમિન્ટન, ટેબલ–ટેનિસ અને ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના યજમાન પદે કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજ્યની કુલ ૧૫ યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો. જેમાં બેડમિન્ટન રમતમાં કુલ ૧૧ યુનિવર્સિટી, ટેબલ–ટેનિસમાં કુલ ૧૧ યુનિવર્સિટી અને ક્રિકેટમાં કુલ ૧૫ યુનિવર્સિટીએ ભાગ લીધો હતો જયારે ચેસ રમતમાં વિવિધ યુનિવર્સિટીના કુલ ૨૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટનું સંપૂર્ણ સંચાલન યુનિવર્સિટી વહીવટી સ્ટાફ કલબના પ્રમુખશ્રી ડૉ. મીતલ ઉપાધ્યાય અને મંત્રીશ્રી ડૉ. શૈલેષ સી. પટેલ દ્વારા અને સમગ્ર ટુર્નામેન્ટનું વ્યવસ્થાપન કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૩–૧૨–૨૦૨૨ના રોજ સવારે ૭:૦૦ કલાકે યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કામધેનું યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. એન. એચ. કેળાવાલા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, માનનીય સિન્ડિકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, વિવિધ અનુસ્નાતક વિભાગીય વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ, વહીવટી વિભાગના વડાશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તથા યુનિવર્સિટી વહીવટી સ્ટાફ કલબના પ્રમુખશ્રી ડૉ. મીતલ ઉપાધ્યાય, મંત્રીશ્રી ડૉ. શૈલેષ સી. પટેલ, હાજર રહ્યા હતા.

આ ટુર્નામેન્ટમાં બેડમિન્ટન રમતમાં સરદાર કૃષિ દાંતીવાડા એગ્રિકલ્ચર યુનિવર્સિટી, દાંતીવાડા ચેમ્પીયન અને ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ રનર્સ–અપ થઈ હતી. ચેસ રમતમાં આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી, આણંદ ચેમ્પીયન અને એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા રનર્સ–અપ થઈ હતી. ટેબલ–ટેનિસમાં સરદાર કૃષિ દાંતીવાડા એગ્રિકલ્ચર યુનિવર્સિટી, દાંતીવાડા ચેમ્પીયન અને એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા રનર્સ–અપ થઈ હતી. જયારે ક્રિકેટમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ચેમ્પીયન અને નવસારી એગ્રિકલ્ચર યુનિવર્સિટી, નવસારી રનર્સ–અપ થઈ હતી.

ક્રિકેટ સ્પર્ધામાં પ્રથમ ગ્રુપની સેમિફાઈનલ મેચ કૃષિ દાંતીવાડા એગ્રિકલ્ચર યુનિવર્સિટી, દાંતીવાડા અને નવસારી એગ્રિકલ્ચર યુનિવર્સિટી, નવસારી વચ્ચે રમાઈ હતી જેમાં નવસારી એગ્રિકલ્ચર યુનિવર્સિટીએ વિજય પ્રાપ્ત કરી ફાઈનલ મેચમાં પ્રવેશ મેળવ્યો હતો. જયારે બીજા ગ્રુપની સેમિફાઈનલ મેચ આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી, આણંદ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત વચ્ચે રમાઈ હતી જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત

યુનિવર્સિટીએ વિજય પ્રાપ્ત કરી ફાઈનલ મેચમાં પ્રવેશ કર્યો હતો. આ સેમિફાઈનલ મેચ ખૂબ રોમાંચક બની હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ પ્રથમ બેટીંગ કરતા ૧૨ ઓવરમાં ૯૨ રન કર્યા હતા. જેના જવાબમાં આણંદ યુનિવર્સિટએ ૧૧ ઓવરમાં ૮૨ રન કરી ૧ ઓવરમાં ૧૦ રનની જરૂરીયાત જણાઈ હતી. જે સમયે સુરત યુનિવર્સિટીના કેપ્ટન ડૉ. મીતલ ઉપાધ્યાયે વિશ્વશનીય, તટસ્થ અને ચમત્કારી નિર્ણય લઈ અંકિત પટેલને બોલીગની કમાન્ડ સોંપી હતી. અંકિત પટેલે કેપ્ટનશ્રીના આ વિશ્વાસ પર ખરેઉતરી છેલ્લી ઓવરમાં સેટ ખેલાડીને આઉટ કરી ૬ બોલમાં ૧૦ રન આપી મેચ ટાઈ કરાવી હતી. મેચ ટાઈ થતાં નિયમાનુસાર અમ્પાયર દ્વારા સુપર ઓવર રમાડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સુપર ઓવરમાં સુરત યુનિવર્સિટીના રિંકેશ પટેલની ઘાતક બોલીગ સામે આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટી ૬ બોલમાં માત્ર ૫ (પાંચ) રન જ કરી શકી હતી, જેના જવાબમાં સુરત યુનિવર્સિટીના રિંકેશ પટેલે ૩ બોલમાં ૬ રન કરી ટીમને વિજય અપાવ્યો હતો.

સુરત યુનિવર્સિટીના કેપ્ટન ડૉ. મીતલ ઉપાધ્યાયના છેલ્લી ઓવરના વિશ્વશનીય નિર્ણયે ભારતના ક્રિકેટના ભૂતપૂર્વ કેપ્ટન શ્રી મહેન્દ્રસિંહ ધોની તથા T-20 Word Cup-2007 ફાઈનલ મેચની યાદ અપાવી હતી. શરૂઆતથી આ મેચ ખૂબ રોમાંચક રહી હતી. આખુ મેદાન પ્રેક્ષકોથી ભરેલું હતું. યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી, ક્રિકેટમાં રસ ધરાવતા સિન્ડિકેટ સભ્યોશ્રી, સેનેટ સભ્યોશ્રી અને કુલસચિવશ્રી પણ આ મેચ દરમ્યાન મેદાન પરથી ઉઠી શકયા ન હતા અને ઉત્સાહભેર આ રોમાંચક મેચનો આનંદ લીધો હતો તેમજ કેપ્ટન ડૉ. મીતલ ઉપાધ્યાયની કેપ્ટનશીપને મહેન્દ્રસિંહ ધોની સાથે સરખાવી ખૂબ પ્રસંશા કરી ટીમના પ્રશંસનીય પ્રદર્શન બદલ તમામ ખેલાડીઓને અભિનંદન તથા શેભેચ્છાઓ પાઠવી તમામનો ઉત્સાહ વધાર્યો હતો.

તા. ૨૫–૧૨–૨૦૨૨ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને નવસારી એગ્રિકલ્ચર યુનિવર્સિટી, નવસારી વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી જેમાં નવસારી એગ્રિકલ્ચર યુનિવર્સિટીએ ટોસ જીતી પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટીગ કરતા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે ૧૬ ઓવરમાં ૧૬૬ રન કર્યા હતા જેમાં રીકેશ પટેલે ૫૪ રન અને રક્ષિત કુંબીએ ૨૩ રન કર્યા હતા. ૧૬૭ રનના લક્ષ્યાંક સામે એગ્રિકલ્ચર યુનિવર્સિટી, નવસારી ખૂબ જ લડત આપી સુરતની ઘાતક બોલીગ સામે ૧૨૨ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ૨૮ રનથી ટુર્નામેન્ટ ચેમ્પીયન બની હતી. જે બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા તમામ આયોજકોએ હિન્દુ સંસ્કૃતિ મુજબ ગરબા રમી વિજયનો ઉત્સાહ મનાવ્યો હતો. જેમા દરેક યુનિવર્સિટીની ટીમે ભાગ લઈ ખૂબ ઉત્તમ ખેલદિલીનું ઉદાહરણ પુરુ પાડયું હતું.

આ ટુર્નામેન્ટના ઈનામ વિરતણ કાર્યક્રમમાં યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. મધુકરભાઈ પાડવી, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, વહીવટી સ્ટાફ કલબના પ્રમુખશ્રી ડૉ. મીતલ ઉપાધ્યાય, મંત્રીશ્રી ડૉ. શૈલેષ સી. પટેલ, વિવિધ અનુસ્નાતક વિભાગીના વડાશ્રીઓ, પ્રાધ્યાપકો, વહીવટી વિભાગના વડાશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કુલપતિશ્રીએ આ સમગ્ર ટુર્નામેન્ટનું સફળ આયોજન, સંચાલન તથા વ્યવસ્થાપન કરવા બદલ યુનિવર્સિટી વહીવટી સ્ટાફ કલબના પ્રમુખશ્રી ડૉ. મીતલ ઉપાધ્યાય અને મંત્રીશ્રી ડૉ. શૈલેષ પટેલની પ્રશંસા કરી યુનિવર્સિટી પરિસરના ૩ ગ્રાઉન્ડ તથા મગદલ્લા અને આભવાગામના ગ્રાઉન્ડમાં મદદરૂપ થનાર તેમજ આખી ટુર્નામેન્ટ દરમ્યાન જાણે અજાણે સહયોગ આપનાર તમામનો આભાર વ્યકત કર્યો હતો. અંતે આભારવિધિ યુનિવર્સિટી વહીવટી સ્ટાફ કલબના પ્રમુખશ્રી ડૉ. મીતલ ઉપાધ્યાયએ કરી હતી.

ક્રિકેટની રમતમાં પોતાની કેપ્ટનશીપનું ખુબ જ ઉત્તમ નેતૃત્વ કરી ટીમને ચેમ્પીયન બનાવવા બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેપ્ટનશ્રી ડૉ. મીતલ ઉપાધ્યાયને ચેમ્પીયનની ટ્રોફી, મેન ઓફ ધી મેચ અલય ઉમરીગર અને બેસ્ટ બોલર રિંકેશ પટેલને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી જયારે મેન ઓફ ધી સિરીઝ અને બેસ્ટ બેટસમેન સરદાર કૃષિ દાંતીવાડા યુનિવર્સિટીના મનિષ શર્માને એનાયત કરવામાં આવી હતી.

યુનિવર્સિટી વહીવટી સ્ટાફ કલબ કેપ્ટન ડૉ. મીતલ ઉપાધ્યાયના નેતૃત્વ હેઠળ ત્રીજી વખત ક્રિકેટમાં ચેમ્પિયન બનતા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ ડૉ. મીતલ ઉપાધ્યાયની ખૂબ પ્રસંશા કરી અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી હતી.

યુનિવર્સિટી સત્તા મંડળ અને માન. કુલપતિશ્રીએ યુનિવર્સિટી વહીવટી સ્ટાફ કલબની ક્રિકેટ ટીમને સમગ્ર ગુજરાતની યુનિવર્સિટી ખાતે સતત બીજી વાર વિજેતા બનવા બદલ રૂા. ૫૧,૦૦૦/–નું પુરસ્કાર ઈનામ એનાયત કરી સન્માનિત કરેલ છે. જે બદલ વહીવટી સ્ટાફ કલબના તમામ સભ્યો યુનિવર્સિટીનો ખૂબ આભાર વ્યકત કરે છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત
અને
ગુજરાત રાજ્ય યુનિવર્સિટી કર્મચારી રમત-
સંયુક્ત ઉપક્રમે
ગુજરાત રાજ્ય આંતર
રમત-ગમત મહોત

સ્વચ્છતા ઝુંબેશ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા અપાયેલ સ્વચ્છતા અંગેના આહવાનના અનુસંધાનને શિક્ષણમંત્રીશ્રી અને સરકારશ્રી દ્વારા સ્વચ્છતાને સ્વભાવ બનાવવા માટે હાંકલ કરવામાં આવેલ છે. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ તમામ કોલેજો તથા વિભાગોને સ્વચ્છતા અંગે જાગૃતતા ફેલાવવા માટે જણાવી તેઓ પણ આ સ્વચ્છતા ઝુંબેશનો હિસ્સો બન્યા હતા, તેમજ યુનિવર્સિટીના વિભાગીય વડાશ્રીઓ, શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓ પણા જોડાયા. યુનિવર્સિટી દ્વારા તમામને તે સંબંધે તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, કો-ઓર્ડિનેટરશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ તથા તમામ સંબંધિતોને તા. ૧૩/૨/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સ્વચ્છતા દિવસ તરીકે ઉજવવા માટે આગ્રહ કરવામાં આવે છે. તદઉપરાંત દર મહિનાના બીજા સોમવારે ૧૧:૦૦ કલાકે આ પ્રકારની ઉજવણી કરવા ભલામણ કરવામાં આવી હતી. તમામ સિન્ડિકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ અને અન્ય સંબંધિત અધિકારીઓને સ્વચ્છતા વિશે જાગૃતતા ફેલાવવા માટે પ્રોત્સાહન પૂરું પાડવાની શરૂઆત કરેલ છે.

Gujarat Integrated Bio Network સ્પર્ધામાં સિદ્ધિ

તા. ૧૯ ફેબ્રુઆરીના રોજ વિસનગર ખાતે યોજાયેલ 33rd State Level Inter-Collegiate Competition, GIBioN (Gujarat Integrated Bio Network) 2023, સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેક વિભાગના બી.એસસી. સેમ-૪ના તેજસ્વી વિદ્યાર્થીઓ ઉદિતસિંહ બોરાનાએ સેમિનાર પ્રેઝન્ટેશનમાં પ્રથમ ક્રમાંક અને દક્ષ ગુજ્જરએ સાઈનટુનમાં દ્વિતીય ક્રમાંક મેળવીને તેમના વિભાગનું, યુનિવર્સિટીનું તથા આપણા ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે, બાયોટેક વિભાગના અધ્યાપકશ્રી ડૉ. ચિરાગ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ આ સિદ્ધિ હાંસલ કરવામાં આવી હતી. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા બાયોટેક વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ તથા અધ્યાપકશ્રીઓએ તમામ બિનશૈક્ષણિક કર્મચારીઓએ અભિનંદન આપી પાઠવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

G-20 University Engaging Connect-Engaging Young Minds કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલમાં G-20 University Engaging Connect- Engaging Young Minds કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીત દીપ–પ્રાગટયથી કરવામાં આવી હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સેન્ટ્રલ યુનિવર્સિટી, ગાંધીનગરના આંતરરાષ્ટ્રીય રાજનીતિ વિભાગના વડાશ્રી અને પ્રોફેસર ડૉ. મનિષ, બાયોટેકનોલોજી વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ગૌરવ શાહ, અધ્યાપકશ્રી તથા G20 નોડલ ઓફિસર ડૉ. પરેશ જોશી, આર.આઈ.એસ.ના કન્સલ્ટન્ટ ડૉ. રાહુલ રંજન તથા દરેક વિભાગના અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેન્ટ્રલ યુનિવર્સિટી ગાંધીનગરના આંતરરાષ્ટ્રીય રાજનીતિ વિભાગના વડાશ્રીઓ અને પ્રોફેસર ડૉ. મનિષ અને આર.આઈ.એસ.ના કન્સલ્ટન્ટ ડૉ. રાહુલ રંજનનું મોમેન્ટો અને પુસ્તક આપીને સ્વાગત કરવામાં આવ્યું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન આપ્યું. આ કાર્યક્રમનાં મુખ્ય વકતાશ્રી અધ્યાપકશ્રી મનીષ તથા ડૉ. ગૌરવ શાહ એ G20ની અધ્યક્ષતા વિશે ખાસ ચર્ચાઓ કરવામાં આવી હતી. જેમાં G20માં આપણા ભારત દેશની તથા એક કર્તવ્યનિષ્ઠ નાગરિક તરીકે આપણી જવાબદારી શું છે તેની ચર્ચા કરવામાં આવી તથા G20 સામેલ એવા કૃષિક્ષેત્રે, એન્ટી કરપ્શન, રીજનલ ઈકોનોમી, શિક્ષણ, રોજગારી, વિકાસ, ઊર્જા સંક્રમણો, આરોગ્ય, પર્યાવરણ અને આબોહવા ટકાઉપણું, આપત્તિ જોખમ ઘટાડૉ, સંસ્કૃતિ, પ્રવાસન, વેપાર અને રોકાણ જેવા પાસાઓને ચર્ચાઓ કરી અને G20માં આ તમામ ક્ષેત્રે સુધારી કેવી રીતે કરી શકાય તેને માહિતી આપી. ઉપરાંત ઘણા બધા વિદ્યાર્થી માટે યુનિવર્સિટીના સેનેટ હોલમાં ઓનલાઈન કાર્યક્રમ નિહાળવા માટે લાઈવ કાર્યક્રમની વ્યવસ્થા પણ કરેલ હતી. તથા કાર્યક્રમના અંતે વકતાઓ તથા શ્રોતાઓ દ્વારા સવાલ–જવાબો માટે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. યારબાદ કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. પરેશ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૫૪ શિક્ષકો તથા ૩૩૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અંતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિભાગો દ્વારા G20 અંતર્ગત કરવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને બિરદાવી તેઓનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો.

G20 અંતર્ગત વિશિષ્ટ વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ અંગ્રેજી વિભાગમાં G20 અંતર્ગત એક્ષપર્ટ ટોક પ્રોગ્રામનું આયોજન થયેલ હતું. આ કાર્યક્રમના મુખ્ય વકતાશ્રી પ્રેરકભાઈ શાહ G20નું મહત્વ જણાવ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વિવિધ વિભાગોના અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આપણો ભારત દેશ જ્યારે G20નું નેતૃત્વ કરે છે ત્યારે સમગ્ર વિશ્વની નજર ભારત ઉપર છે કે ભારત દેશ વિશ્વને શાંતિ અને સમૃદ્ધિ તરફ લઈ જાય તેવી વિચારધારા સાથે વિસ્તૃત માહિતી આપી હતી, જે આપણા માટે ગર્વની વાત છે જેના વિશે ચર્ચાઓ કરી અને ઘણા બધા એવા પાસાઓ જણાવ્યા કે જેના દ્વારા વિશ્વની અર્થવ્યવસ્થાને વધારે સારી કઈ રીતે બનાવી શકાય અને આ અંતર્ગત યુનિવર્સિટી તથા તેના વિભાગોને કઈ એકટીવિટી કરવાની છે, તેની ચર્ચા કરી હતી. આ G20ની અધ્યક્ષતા ભારત દેશ માટે એક ઐતિહાસિક સમય છે કે જેમાં વિશ્વના શકિતશાળી દેશો આવે છે અને G20 સંમેલનમાં ૨૦૦ થી વધારે કાર્યક્રમો થવાના છે તેમાં દરેક નાગરિકો હિસ્સો બને તે માટે માહિતી આપી હતી અને આ

કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ આભારવિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના કો–ઓર્ડિનેટરશ્રી પ્રકાશચંદ્ર એ કર્યું હતું.

'માતૃભાષા' દિન નિમિત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન

પોતાના ભણવાના વિષયથી બહાર, "માતૃભાષા" અને એ પણ સાહિત્યમાં જ્યારે વિદ્યાર્થી વિજેતા થાય એ અત્યંત હરખની વાત છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ગુજરાતી વિભાગ દ્વારા તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ને 'વિશ્વ માતૃભાષા દિન' નિમિત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવી હતી જેનો વિષય હતો 'મારી પ્રિય ભારતીય નવલકથા'. તા. ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રાજ્યકક્ષાએ યોજાયેલ આ સ્પર્ધામાં કશ્વી જડિયા (પુસ્તકઃ વિપ્રદાસ, લેખકઃ શરદબાબુ) અને રિચા નાયક (પુસ્તકઃ સરસ્વતીચંદ્ર, લેખકઃ ગોવર્ધનરામ ત્રિપાઠી)ની પસંદગી કરવામાં આવી હતી. ગુજરાતી વિભાગનાં અધ્યક્ષા ડૉ. શરિફા વીજળીવાળાનાં માર્ગદર્શન હેઠળ ડૉ. ભરત ઠાકોરના નેતૃત્વમાં યોજાયેલી આ સ્પર્ધામાં વિવિધ કોલેજો તથા યુનિવર્સિટીના વિવિધ વિભાગોના કુલ ૨૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે વિદ્યાર્થી પ્રિય અધ્યાપકો ડૉ. વિજય શાસ્ત્રી અને ડૉ. નીનાબેન ભાવનગરી ઉપસ્થિત રહ્યાં હતા. પુસ્તકની પસંદગી, રજૂઆતની શૈલી, ભાષા પરનું પ્રભુત્વ, સમગ્ર, પ્રસ્તુતિ જેવાં પાસાંને ધ્યાનમાં રાખીને નિર્ણાયકોએ પ્રથમ ક્રમે યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગના વિદ્યાર્થીની જડિયા કશ્વીને વિજેતા ઘોષિત કર્યા હતા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા અભિનંદન પાઠવી ઉત્સાહ વધારવામાં આવ્યો તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની ઉપસ્થિતિમાં એમના તથા નિર્ણાયકોના વરદ હસ્તે વિજેતાઓને ઈનામની રોકડ રકમ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં. સ્પર્ધાના માર્ગદર્શક એવા વિભાગના ડૉ. માનસી મહેતા તથા પ્રથમ વિજેતા માટે કશ્વી જડિયાને સમગ્ર વિભાગ વતી હાર્દિક શુભકામનાઓ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિવાર તરફથી તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. પન્નાબેન ત્રિવેદીએ કર્યું હતું.

સરકારી પરીક્ષામાં સફળતા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગ એમ.એસસી.ના શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ના તેજસ્વી વિદ્યાર્થી જેસલ ભુપેન્દ્રભાઈ પટેલે રહસ્યમયસચિવ કલાસ–૨ની પરીક્ષામાં ગ્રેડ–૧ મેળવતા તેમની ગેઝેટેડ પોસ્ટ તરીકેની પસંદગી કરવામાં આવી છે. ગુજરાતની સ્થાપના થઈ ત્યારથી સુરત જીલ્લાના આ એવા દ્વિતિય વિદ્યાર્થી છે કે જેમણે આ પરીક્ષા પાસ કરી છે તથા તેઓએ ઈન્ટરવ્યુમા સેકન્ડ હાઈએસ્ટ માર્કસ મેળવ્યા છે. એટલું જ નહીં પરંતુ તેમણે પ્રથમ પ્રયાસે જ GCC પરીક્ષામાં સ્ટેનોગ્રાફી કોર્સ ગુજરાતી 90 WPM અને અંગ્રેજી 60 WPM સાથે ટાયપીંગ ગુજરાતી 25 WPM અને અંગ્રેજી 40 WPM સાથે પાસ કરી છે. ઉપરાંત તેઓએ રમતગમત ક્ષેત્રે પણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. ૨૦૧૫થી અત્યાર સુધીમાં ઈન્ટર કોલેજ વેઈટ લીફટીંગ ટુનામેન્ટમાં ૨ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે, ગુજરાત સ્ટેટ વેઈટ લીફટીંગ ટુર્નામેન્ટમાં ૨ સિલ્વર અને ૧ ગોલ્ડ મેડલ મેળવ્યા છે તથા ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ટગ ઓફ વોર ટુર્નામેન્ટ ૨૦૧૯માં ચોથા નંબર પર સ્થાન મેળવ્યું છે જે ખુબ જ ગૌરવની વાત છે. તેઓ હાલમાં જે.એન.એમ. પટેલ સાયન્સ કોલેજમાં ડૉ. કેતન પટેલના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરી રહ્યા છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ પુસ્તક દ્વારા તેઓને સન્માન કરી અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીએ કરેલી નિરંતર મહેનતનું આ ફળ છે અને તે હજુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિવારે પાઠવી હતી.

શ્રદ્ધાંજલિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે, સેનેટ હોલમાં તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ગુજરાત પૂર્વ રાજ્યપાલશ્રી ઓમ પ્રકાશ કોહલીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. જેમાં તમામ વિભાગના શૈક્ષણિક–બિનશૈક્ષણિક અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ દુઃખની લાગણી વ્યકત કરી હતી અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઠવીએ તેમના વ્યકિતત્વનું ઉદ્‌બોધન આપ્યું હતું. ઓમ પ્રકાશ કોહલી (૯ ઓગસ્ટ ૧૯૩૫ – ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૩) એક ભારતીય રાજકારણી હતા જેઓ ૨૦૧૪ થી ૨૦૧૯ સુધી ગુજરાતના રાજ્યપાલ હતા. તેઓ ૧૯૯૯ થી ૨૦૦૦ સુધી ભારતીય જનતા પાર્ટીના દિલ્હી એકમના પ્રમુખ હતા અને ૧૯૯૪ થી ૨૦૦૦ સુધી રાજ્યસભામાં સભ્ય તરીકે સેવા આપી હતી. તેઓ દિલ્હી યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન (DUTA) અને ABVP ના પ્રમુખ રહી ચુકયા છે. તેમણે રામજસ સ્કૂલ અને ખાલસા સ્કૂલ, નવી દિલ્હીમાં અભ્યાસ કર્યો. કોહલી દિલ્હી યુનિવર્સિટીમાંથી હિન્દી માસ્ટર ઓફ આર્ટ્સ અને ૩૭ વર્ષથી હંસરાજ કોલેજ અને દેશબંધુ કોલેજમાં લેકચરર હતા. ઈમરજન્સી દરમ્યાન MISA હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી હતી. ૮ સપ્ટેમ્બર ૨૦૧૬ થી ૧૯ જાન્યુઆરી ૨૦૧૮ સુધી તેમણે ગુજરાતની સાથે મધ્યપ્રદેશના રાજ્યપાલના કાર્યાલયનો વધારાનો હવાલો સંભાળ્યો હતો. તેમને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરના કુલપતિ તરીકે પણ નિયુકત કરવામાં આવ્યા હતા. ઓમ પ્રકાશ કોહલી લેખક પણ છે, તેઓએ હિન્દી ભાષામાં 'રાષ્ટ્રીય સુરક્ષા કે મોર્ચે પર', 'શિક્ષાનીતિ' અને 'ભકિતકાલ કે સંતોકી સામાજીક ચેતના' નામનાં ત્રણ પુસ્તકો લખ્યાં છે.

મેન્ટલ હેલ્થ અંગે સેમિનારનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ સાયકોલોજીસ્ટ ગાઈડન્સ અને કાઉન્સેલીગ સેન્ટર દ્વારા તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ બાયોટેક વિભાગનાં ઓડિટોરીયમ હોલમાં મેન્ટલ હેલ્થ અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું

હતું. આ કાર્યક્રમનાં મુખ્ય વકતાશ્રી ડૉ. મિલિંદભાઈ ઘાયેલ કે જેઓ માઇન્ડ મુવરના ફાઉન્ડર અને સી.ઈ.ઓ. છે. સેમિનારમાં મનોવૈજ્ઞાનિક સલાહ કેન્દ્રનાં કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. કીર્તિ ઠાકર અને બાયોટેક વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. ગૌરવ શાહ અને આ કાર્યક્રમનું સંચાલન કરનાર હિમાંશીબેન ઘડિયા, અધ્યાપકશ્રીઓ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેમિનારમાં મેન્ટલ હેલ્થ વિશે ચર્ચાઓ કરવામાં આવી, જેમાં માઉથ, આઈઝ, બોડી પોશ્ચર, ફાઈન્ડીગ યોર ટ્રીગર પોઈંટ તથા પ્રોબ્લેમ ફાઈન્ડર અને સોલ્યુશન સીકર જેવાં રસપ્રદ વિષયો પર ચર્ચા કરી અને વિદ્યાર્થી તથા તમામને જીવનમાં ઉપયોગી એવાં ઉદાહરણો આપી સમજાવ્યું હતું. ઘણા લોકોને આદત હોય છે કે જે સમસ્યા હોય છે તેનાં વિશે વિચાર્યા કરવું અને સમસ્યાને વધારે જટિલ બનાવી દેતાં હોય છે તેના માટે વિચારોની જાણકારી, વિચારોનું ચક્ર જેમાં વાકયની રચના વિશે જણાવે છે અને વિચારોની પેટર્નમાં પર્સનાલિટી તથા વાયબ્રેશનની માહિતી આપવામાં આવી હતી. આપણામાં જે ભાવો આવતાં હોય છે તેને ઓળખતાં શીખવું જેવા કે ખુશી હોય તો તેને માણતા શીખવું અને જો દુખ હોય તો તેને સહન કરીને તેને આપણા પર હાવી ન થવા દેવું તથા એ સમયે સાચાં નિર્ણયો કઈ રીતે લેવાં તેના વિશે ઘણાં પાસાઓ કહ્યા હતાં અને ઊંડાણપૂર્વક વર્ણન કરવામાં આવ્યું હતું. આપણે હંમેશા કઈક નવાં વિચારો કરતાં રહેવાં જોઈએ અને વિચારવાની શ્રેણીને બદલવી જોઈએ અને લોકોને આવતા વિચારો જેમ સાંભળીએ છીએ તેવી રીતે આપણા અંતઃકરણમાંથી આવતાં વિચારોને સાંભળી તથા તેના પર પણ વિચાર કરી અમલ કરવો જોઈએ. ફરિયાદોની સંખ્યા ઓછી કરીને તેને જ સમસ્યાઓ ગણીને લોકો સાથે શેર કરવાથી તેમાં ઉકેલો ઝડપથી મળશે તથા બુલેટપ્રૂફ માઈન્ડસેટ બનાવવા માટેની ચાવીઓ આપી, આવી રીતે આ સેમીનારમાં તમામના જીવનમાં આવતી હોય તેવી મોટા ભાગની મુશ્કેલીઓ વિશે ચર્ચાઓ કરી, તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું અંતે કાર્યક્રમમાં આભારવિધિ ડૉ. કીર્તિબેન ઠાકરએ કરી હતી.

પુષ્પાંજલિ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ગુજરાતી વિભાગના એમ.એ. સેમેસ્ટર ૨ અને ૪ના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૫/૨/૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે વિભાગમાં આવેલા નર્મદ ઓડિટોરિયમમાં 'નર્મદ સ્મરણાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ વિભાગના બાગમાં સ્થાપિત નર્મદની પ્રતિમાને ફૂલમાળા તથા પુષ્પોથી અંજલિ અર્પિત કરી હતી. ત્યારબાદ નર્મદ ઓડિટોરિયમમાં ચાલેલા સ્મરણાંજલિ કાર્યક્રમમાં વિભાગનાં અધ્યક્ષાં ડૉ. શરિફા વીજળીવાળાએ વિદ્યાર્થીઓને સંબોધતા નર્મદની કેફિયત, સિદ્ધિઓ અને જીવનરીતિ વિશે વાત કરી વિદ્યાર્થીઓએ યોજેલા આ કાર્યક્રમ બદલ આનંદ વ્યકત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ નર્મદની કાવ્યકૃતિઓ, 'નવ કરશો કોઈ શોક રસિકડા...', 'ના હઠવું,ના હઠવું..', યા હોમ કરીને પડો, ફતેહ છે આગે..','પગલાં ભરવા માંડો રે...' જેવી રચનાઓનું પઠન અને ગાન કર્યું હતું. વિદ્યાર્થીઓનાં મુખ પર ઉત્સાહ અને કંઈક કર્યાની લાગણી જોઈ શકાતી હતી. સંચાલન, પ્રસ્તુતિઓ અને આભારવિધિ બધું જ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. વીર કવિ નર્મદને જાણે સાચી શ્રદ્ધાંજલિ પાઠવી હોય તેમ આ કાર્યક્રમ સુપેરે સફળ રહ્યો હતો. તથા તા. ૨૬/૨/૨૦૨૩ના રોજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, વહીવટી અધિકારશ્રીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ દ્વારા યુનિવર્સિટીમાં સ્થાપિત વીર કવિ નર્મદજીની પ્રતિમાને ફૂલમાળા તથા પુષ્પોથી અંજલિ અર્પિત કરી હતી.

ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી સાયકલીગ રોડ ૨૦૨૨–૨૩

ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી સાયકલીગ રોડ ૨૦૨૨–૨૩નું આયોજન મહાત્મા ગાંધી મિશન યુર્નિવર્સિટી, ઓરંગાબાદ મુકામે તા. ૧૪/૨/૨૦૨૩ થી તા. ૧૭/૩/૨૦૨૩ દરમયાન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાયકલીંગ રોડ બહેનોની ટીમ ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી રમવા માટે મહાત્મા ગાંધી મિશન યુનિવર્સિટી, ઓરંગાબાદ મુકામે ગઈ હતી. જેમાં તા. ૧૬/૨/૨૦૨૩ના રોજ એસ.પી.બી. ઈંગ્લિશ મિડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરતની ખેલાડી કુ. ગુપ્તા મુસ્કાને ૫૦ કી.મી. માસ સ્ટાર્ટ ઈવેન્ટમાં ત્રીજો ક્રમાંક મેળવીને બોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો અને તા. ૧૭/૨/૨૦૨૩ના રોજ ૩૦ કી.મી. ક્રાઇટેરીયન રેસમાં ફરી ત્રીજો ક્રમાંક મેળવી બોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે તેમજ સાયકલીગ રોડ ભાઈઓની ટીમમાં સર કે.પી.કોમર્સ કોલેજ, સુરતના ખેલાડી શ્રી શર્મા સચિનએ ૧૦૫ કી.મી. માસ સ્ટાર્ટ ઈવેન્ટમાં બીજો ક્રમાંક મેળવીને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. સાયકલીંગ રોડ બહેનોની ટીમમાં કુ. ગુપ્તા મુસ્કાન, કુ. ધારા પટેલ અને કુ. પંચકોટી નીતાએ ભાગ લીધો હતો અને સાયકલીંગ રોડ ભાઈઓની ટીમમાં શ્રી શર્મા સચિન, શ્રી નીતાય રાંદેરી, શ્રી યોગેશ કટારીયા, શ્રી ભાદ્રકા યશ, શ્રી રોનીત પટેલ અને શ્રી નાગપૂરે કરનએ ભાગ લીધો હતો. ટીમમાં કોચ તરીકે શ્રી વિજય તથા મેનેજર તરીકે શ્રી અમિતા ગામીતે સેવા આપી હતી.

ખેલાડી કુ. ગુપ્તા મુસ્કાન અને ખેલાડી, શ્રી શર્મા સચિનની આ ઉત્કૃષ્ઠ સિદ્ધિ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું નામ રોશન કરવા બદલ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, નિયામકશ્રી પોલ ડેવિડ, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રી તેમજ સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓએ અભિનંદન પાઠવ્યા છે.

All india Inter University Cross Country Race

બેંગલુરુ ખાતે યોજાનાર ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી રેસમાં ભાગ લેનાર ખેલાડીઓનો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, પરિસર ખાતે ફોટો ફંકશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ તમામ ખેલાડીઓને આશીવાર્દ આપી તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

રોલર સ્પોર્ટ્સ રમતમાં સિદ્ધિ

ઓલ ઇન્ડિયા આંતર યુનિવર્સિટી રોલર સ્પોર્ટ્સ ૨૦૨૨–૨૩નું આયોજન આંધ્ર યુનિવર્સિટી, વિશાખાપટ્ટનમ મુકામે તા. ૧૬ થી ૧૯ ફેબ્રુઆરી દરમ્યાન કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની રોલર સ્પોર્ટ્સ બહેનોની ટીમ ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી રમવા માટે આંધ્ર યુનિવર્સિટી, વિશાખાપટ્ટનમ મુકામે ગઈ હતી. જેમાં તા.૧૮/૨/૨૦૨૩ના રોજ એમ.ટી.બી.આર્ટસ કોલેજ, સુરતની ખેલાડી કુ. ધનશ્રી મોરે રોડ ૧ લેપ ઈવેન્ટમાં અને એસ.ડી.જે. કોલેજ, સુરતની ખેલાડી કુ. ધારા પટેલે ૧૦ કિલોમીટર રોડ ઈવેન્ટમાં ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરીને બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. રોલર સ્પોર્ટ્સ બહેનોની ટીમમાં કોચ કમ મેનેજર તરીકે શ્રી ચિરાગ મિસ્ત્રીએ સેવા આપી હતી.

ખેલાડી કુ. ધનશ્રી મોરે અને કુ. ધારા પટેલની આ ઉત્કૃષ્ટ સિદ્ધિ થકી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું નામ રોશન કરવા બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, નિયામકશ્રી પોલ ડેવિડ, બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સભ્યશ્રીઓ તેમજ સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

Kabaddi Men Inter College Tournament

તા. ૧૮ અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ અંકલેશ્વર ખાતે યુનિવર્સિટી કબડ્ડી મેન ઈન્ટર કોલેજ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

Department of Economics

G-20 અને ભારત તથા અમૃતકાળનું અંદાજપત્ર (૨૦૨૩–૨૪)

ભારતના સંદર્ભમાં વિશ્લેષણ તા. ૦૯–૦૨–૨૦૨૩ને ગુરૂવારના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં સંયુકત પ્રયાસ દ્વારા G-20 India Presidency અંતર્ગત વિશિષ્ટ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં મુખ્ય વકતા તરીકે શ્રી નાનુભાઈ વાનાણી કે જેઓ ગુજરાત સરકારના પૂર્વ મંત્રી તથા હાલમાં હીરાબુર્સના સચિવ તરીકે કાર્યરત છે તથા શ્રી મનિષ કાપડિયા જેઓ G-20માં સભ્ય તરીકે કાર્યરત છે. કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. મનિષ આર. પટેલ અને ડૉ. યોગેશ એન. વાસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ–પ્રાગટયથી કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાસિયા દ્વારા મુખ્ય વકતા, મુખ્ય અતિથિઓ અને શ્રોતાઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા શ્રી નાનુભાઈ વાનાણીને નર્મદની પ્રતિમા અને પુસ્તક ભેટ સ્વરૂપે આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા શ્રી મનીષ કાપડીયાને નર્મદ પ્રતિમા તથા પુસ્તક ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી, ડૉ. મનિષ પટેલ દ્વારા કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનું પુસ્તક ભેટ સ્વરૂપે અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું અને શ્રી રાકેશ મકવાણા દ્વારા ડૉ. ગૌરાંગ ડી. રામીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત વિધિ બાદ કાર્યક્રમને આગળ વધારતા ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા મુખ્ય વકતા તથા કાર્યક્રમ અંગેનાં વિષય અંતર્ગત માહિતી આપવામાં આવી. પ્રસ્તૃત કાર્યક્રમમાં બે વિષય પર વ્યાખ્યાન રજુ કરવામાં આવ્યાં હતાં. પ્રથમ વિષય G-20 અને ભારત તથા બીજો વિષય અમૃતકળનું અંદાજપત્ર (૨૦૨૩–૨૪) : ભારતનાં સંદર્ભમાં વિશ્લેષણ પર વ્યાખ્યાન રજુ કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનની શરૂઆત પહેલા ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ પોતાનું વકતવ્ય રજુ કર્યુ, તેમાં યુનિવર્સિટીમાં ચાલતા G-20 અંતર્ગત કાર્યક્રમ તથા વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરી.ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીનો ટૂંકો પરિચય આપવામાં આવ્યો તથા અર્થશાસ્ત્ર વિભાગમાં ચાલતી સંશોધન પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓનાં કારકિર્દી અંગે, ગુજરાત ટુરીઝમમાંથી પ્રાપ્ત થયેલી તક અંગે પણ ચર્ચા

કરવામાં આવી હતી. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. યોગેશ એન. વાંસિયા શ્રી મનીષ કાપડીયાનો વિસ્તૃત પરિચય આપી પ્રથમ વિષય 'G-20 અને ભારત વિષય' પર શ્રી મનિષ કાપડિયાને વ્યાખ્યાન આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા. શ્રી મનિષ કાપડીયાએ G-20 વિષય પર વિસ્તૃત ચર્ચા કરી, જેમાં G-20 ભારતમાં શા માટે તેનાથી ભારતને શું લાભ થશે અને આગળ જતા ભારતનાં આર્થિક વિકાસમાં કઈ નવી તકો ઊભી થશે તે અંગે ચર્ચા કરી. G-20ની રચના આર્થિક પરિબળોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે, તે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. ભારતની ધરોહર અને સંસ્કૃતિને દર્શાવવા G-20 ભૂમિકા મહત્વની છે. આવી રીતે G-20ની સ્થાપનાથી લઈ ને કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ બીજું વ્યાખ્યાન 'અમૃતકાળનું અંદાજપત્ર (૨૦૨૩–૨૪)' : ભારતના સંદર્ભમાં શ્રી નાનુભાઈ વાનાણી દ્વારા આપવામાં આવ્યુ. તે પહેલાં ડૉ. યોગેશ એન. વાસિયા દ્વારા શ્રી નાનુભાઈ વાનાણી વિષે વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો. શ્રી નાનુભાઈ વાનાણીએ વ્યાખ્યાનની શરૂઆત વિદ્યાર્થીઓ તથા મહિલાઓની વાતથી કરી કે દરેક ઘરનું અંદાજપત્ર મહિલાઓથી વધુ સારી રીતે બનાવી અને તેને અનુસરે છે. ત્યારબાદ ૧૯૯૦માં ભારતમાં આવેલી આર્થિક પરિસ્થિતિ અંગે અને તેનું નિવારણ કઈ રીતે કરવામાં આવ્યું હતું તે અંગે ચર્ચા કરવામાં આવી. ચર્ચાને આગળ વધારતા અર્થશાસ્ત્રનાં વિદ્યાર્થીઓને કાર્લ માર્કર્સની આર્થિક વિચારધારા તથા એડમ સ્મિથનાં અંદાજપત્ર અંગેનાં વિચારો વિષે ચર્ચા કરવામાં આવી. અમૃતકાળનાં અંદાજપત્ર વિષે ચર્ચા કરતાં શ્રી નાનુભાઈ વાનાણીએ અંદાજપત્રને પાંચ સ્તંભ દ્વારા સમજાવવાનો પ્રયાસ કર્યો, જેમાં અંદાજપત્ર દ્વારા નિકાસ વધારવા માટેનાં પ્રયત્ન કરવામાં આવશે, ખાનગી મૂડી રોકાણને વધારવા માટેના પ્રયત્ન કરવામાં આવશે અને મૂડી રોકાણ કરનારને સલામતી પૂરી પાડવામાં આવશે, બહોળા ઘરેલું વપરાશ વધે, જેનાં લીધે ઉત્પાદન વધશે અને લોકોને રોજગારી વધુ પૂરી પાડી શકશે તે અંગે ધ્યાન રાખી અંદાજપત્ર બનાવવામાં આવ્યુ છે તે અંગે ચર્ચા કરવામાં આવી. અંદાજપત્ર અંતર્ગત સપ્તઋષિનાં મંત્ર વિષે પણ ચર્ચા કરવામાં આવી. આમ, અંદાજપત્ર દ્વારા સામાન્ય જનસમુદાયનાં વિકાસ કઈ રીતે થઈ શકે, તે અંગે ચર્ચા કરવામાં આવી. વિશિષ્ટ વકતવ્યનાં અંતે શ્રોતાઓ દ્વારા અંદાજપત્ર અને G-20 વિષય અંતર્ગત પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ડૉ. મનિષ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી. જેમાં કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, યુનિવર્સિટીના સેનેટ અને સિન્ડિકેટ સભ્યો તથા મુખ્ય વકતા શ્રી મનીષ કાપડીયા અને શ્રી નાનુભાઈ વાનાણી તથા ઉપસ્થિત અન્ય વિભાગનાં અધ્યાપક તથા વિદ્યાર્થીમિત્રોનો આભાર વ્યકત કરી કાર્યક્રમની પૂર્ણાહુતી કરી.

Department of Fine Arts

Dry Point Painting પ્રદર્શનનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે ચાલતા ફાઈન આર્ટ્સ વિભાગમાં G20 ના ભાગ રૂપે પહેલા વર્ષના પેઈન્ટીગના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન 'Dry Point Painting Exhibition'નું આયોજન કરવામાં આવનાર છે. આ પ્રિન્ટીગનું આયોજન ફાઈન આર્ટ્સ વિભાગના ટીચીંગ આસિસ્ટન્ટ શ્રી દિપ્તી બાટલાવાલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવનાર છે. જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી અને ફાઈન આર્ટસ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલના વરદ હસ્તે બે દિવસ માટે કલા પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના શૈક્ષણિક વર્ષ દરમ્યાન કલા અને સાંસ્કૃતિ, બાળકોની સશકિતકરણ, સ્ત્રીની સશકિતકરણ, નાણાંકીય સમાવેશ, સામાજીક, શૈક્ષણિક, આર્થિક, રાજકીય, પર્યાવરણીય તેમજ શહેરીકરણ જેવી

બાબતો પરથી પ્રેરણા લઈને પોતાની કુશળતા તેમજ સમજ અનુસાર અલગ–અલગ માધ્યમથી Acrylic sheet પર કોતરણી કરી ઈમેજ બનાવી તેની ૧૫ થી વધુ એક સરખી આવૃત્તિઓ તૈયાર કરી છે, જેને હેન્ડ પ્રિન્ટીંગ પણ કહેવાય છે જે આ દિવસે લાઈવ હેન્ડ પ્રિન્ટીંગ કરીને લોકોને બતાવવામાં આવી હતી.

'પહેલ–પ્રિવ્યુ શો'નું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ચાલતા ફાઈન આર્ટ્સ વિભાગમાં G20 ના ભાગ રૂપે બીજા વર્ષે સ્કલ્પચરના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૭, ૧૮ અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન 'પહેલ–પ્રિવ્યુ શો'નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રિવ્યુ શોનું આયોજન ફાઈન આર્ટ્સ વિભાગના ટીચિંગ આસિસ્ટન્ટ શ્રી કૃણાલ કંસારા, શ્રી રાહુલ કંથારીયા, શ્રી આકાર ભોય અને શ્રી જયદીપ કોટાડીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી અને ફાઈન આર્ટ્સ વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલના હસ્તે ત્રણ દિવસ માટે કલા–પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના શૈક્ષણિક વર્ષ દરમિયાન સામે આવેલી સામાજીક, શૈક્ષણિક, આર્થિક, રાજકીય, પર્યાવરણીય તેમજ શહેરીકરણ જેવી બાબતો પરથી પ્રેરણા લઈને પોતાની કુશળતા તેમજ સમજ અનુસાર અલગ અલગ માધ્યમને ધ્યાનમાં રાખીને પોતાના વિચારો લોકો સુધી પહોંચે તેવા હેતુથી 'પહેલ–પ્રિવ્યુ શો'નું આયોજન કરવામાં આવ્યું હતું.

Environmental Art પ્રદર્શન

યુનિવર્સિટીના ફાઈન આર્ટ્સ વિભાગનાં G20ના ભાગ રૂપે બીજા વર્ષના પેઇન્ટિંગના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ હ્યુમિનિટિઝ વિભાગની પાછળની બાજુએ Environmental Art Exhibitionનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રદર્શનનું આયોજન ફાઈન આર્ટ્સ વિભાગના ટીચીંગ આસિસ્ટન્ટ શ્રીમતી અર્પિતા ડે મંડલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. જેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને ફાઈન આર્ટસ વિભાગના કો–ઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલના હસ્તે એક દિવસ માટે કલા પ્રદર્શન ખુલ્લુ મૂકવામાં આવેલ હતું. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થી યુકતા વિરાડીયા, પાર્થ લાખાણી, નીલોફર શેખ, હર્ષિતા મહવાણા, હિમાંશી પાનવાલા, ચાંદની પુરોહિત, હિરિકા ચાપતોલ અને હિતાંશુ બોરસેએ પોતાના શૈક્ષણિક વર્ષ દરમ્યાન કુદરતી ખેતી, વાતાવરણમાં ફેરફાર, પર્યાવરણ માટે કાળજી, પર્યાવરણ સામે રક્ષણ અને વાતાવરણમાં ફેરફાર: અનુકૂલન અને શમન જેવી બાબતો પરથી પ્રેરણા લઈને પોતાની કુશળતા તેમજ સમજ અનુસાર કુદરતી વસ્તુઓનો ઉપયોગ કરી દૃશ્યનું સર્જન કર્યું હતું. ગ્લોબલ વોર્મિંગ, ક્લાઈમેટ ચેન્જ, જળવાયુ પરિવર્તન અને વૈશ્વિક સ્તરે થઈ રહેલા ફેરફારોની સદર કલાકૃતિ પ્રત્યેની સંવેદનાઓ વ્યકત કરી આવનારી પેઢીઓના ભવિષ્ય માટેની ચિંતાઓ આ કળા કૃતિઓમાં વ્યકત થઈ રહી હતી.

Department of Interior Design

સિદ્ધિ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતેના ડીપાર્ટમેન્ટ ઓફ ઇન્ટેરિએર ડીઝાઈનની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીએ ત્રણ સિદ્ધિઓ પ્રાપ્ત કરીને તેમનાં વિભાગનું તથા યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થિની કુમારી સિમરન અગ્રવાલ કે જેઓ તા. ૨ થી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમ્યાન ગુલમાર, કાશ્મીરમાં યોજાયેલ 9th National Icestock Championship 2023 સિનિયર ગર્લ્સ ટીમમાં તેમની ટીમ સાથે ભાગ લીધેલ હતો, જેમાં તેમણે બ્રોન્ઝ મેડલ મેળવ્યું છે.

ત્યારબાદ દ્વિતિય સિદ્ધિની વાત કરીએ તો, તા. ૧૦ થી ૧૪ ફેબ્રુઆરી દરમ્યાન 3rd Khelo India National

Winter Games 2023માં તેઓએ તેમની ટીમ સાથે ભાગ લીધો હતો. તેમાં Natioanl Championship Quoter Finalમાં લદાખથી હારેલા હતા, તે જ ટીમ સામે 3rd Khelo India national Winter Games માં ટીમને હરાવીને ગોલ્ડ મેડલ મેળવ્યું અને આ રમત ગમતની સિદ્ધિઓ ઉપરાંત તેઓએ શિક્ષણ જગતમાં પણ સફળતાના પંથ પર ચાલી રહ્યા છે. જેમાં તેમણે જર્મનીની વિશ્વ વિખ્યાત એવી Hochschule, University of Applied Science (BAUHAUS) ઈન્સ્ટીટ્યુટમાં આર્કિટેકચર એન્ડ કલ્ચરલ હેરિટેજ પ્રોગ્રામમાં એડમિશન મેળવ્યું. ડીપાર્ટમેન્ટ ઓફ ઈન્ટેરિએર ડીઝાઈનની કુમારી સીમરન અગ્રવાલને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવી તથા વિભાગના કો–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલ અને અધ્યાપકશ્રી અંકિત ચાંગાવાલાએ પુસ્તક દ્વારા સન્માન કરી તેઓ ભવિષ્યમાં સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

Department of Mass Communication

પસંદગી

ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશનના સહયોગથી તા. ૨૩ થી ૨૮ જાન્યુઆરી, ૨૦૨૩ દરમ્યાન યુટીટી નેશનલ રેન્કિંગ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપનું આયોજન કર્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગના કો–ઓર્ડિનેટર ડૉ. ભરત ઠાકોર અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. કિરણ મિતલના સતત પ્રયાસ અને માર્ગદર્શનથી જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનના ૮ વિદ્યાર્થીઓ તીર્થ, સાક્ષી, આશિષ, રિયા, આત્મા, વિશ્વ, શૈલજા, આસ્થાના ઈન્ટર્નશિપ માટે ચયન થયું હતું. એ વિદ્યાર્થીઓ ભૂતપૂર્વ TOI સ્પોર્ટસ એડિટર અને પ્રોફેસર શ્વેતા સિંહના માર્ગદર્શન હેઠળ મીડિયા ઈન્ટર્નશીપ કરી, જયાં તેઓએ રાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓના ઈન્ટરવ્યુ લીધા, વીડિયો શૂટ કર્યા, એડિટ કર્યા અને રિપોર્ટ લખવા સાથે સોશિયલ મીડિયાનું સંચાલન કર્યું. આ તમામ ખેલાડીઓ તથા વિભાગને યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવીએ પ્રોત્સાહન આપી તેઓનો ઉત્સાહ વધાર્યો હતો.

Department of Statestics

Career Day Celebration



